શ્રમ આયુક્તની કચેરી,
ISO 9001:2015
ગુજરાત રાજ્ય, બ્લોક નં-૧૧,
૧૨ અને ૧૪, ઉદ્યોગ ભવન,
બીજો માળ, સેક્ટર-૧૧,
ગાંધીનગર- ફોન. ૦૭૯૨૩૨૫૭૫.....
ફેક્સ ૦૭૯૨૩૨૫૭૫૧૩
Web: www.col.gujarat.gov.in

Office of Labour Commissioner,
ISO 9001:2015
Gujarat State, Block No. 11, 12 & 14,
Udhyog Bhavan, 2nd Floor,
Sector-11, Gandhinagar-382011,
Phone 079232575.....
Fax- 07923257513
Web:www.col.gujarat.gov.in

ક્રમાંક:શ્ર.આ.ક/ટે.૨/૯૮૧થી /૨૦૨૦ ૨૦૬૧ તા. ૧ .૧૦.૨૦૨૦

# પરિપત્ર

**કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ હેઠળ ખાસ ભથ્થુ બહાર પાડવા બાબત.**

આથી સર્વે સરકારી શ્રમ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાં આવતા લાયસન્સની શરત નં(૪)માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જે અનુસુચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લઘુત્તમ વેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે તે અનુસૂચિમાં સરકારે નકકી કરેલ લઘુત્તમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવનનિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહે છે. પરંતુ જે વ્યવસાયોનો લઘુત્તમ વેતન હેઠળની અનુસૂચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુજબનું વેતન ચૂકવવાનું રહેશે.

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસુચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં(૬) થી મળેલ સતાની રૂએ, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરે શ્રમયોગીઓને ચૂકવવાની થતી મજુરીના દર નીચે મુજબ નકકી કરેલ છે. જે તા.૦૧-૦૩-૨૦૧૫થી અમલમાં આવેલ છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક લઘુત્તમ વેતન દર | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૨૯૩ | ૨૮૪ |
| ૨ | અર્ધકુશળ | ૨૮૪ | ૨૭૬ |
| ૩ | બીનકુશળ | ૨૭૬ | ૨૬૮ |

**આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ**

(ક) ઝોન-૧ ગુજરાત રાજયમાં, ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોપોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સતામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

Scanned with CamScanner

(ખ) ઝોન-૨માં, ઝોન-૧ માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

ઉકત નકકી કરવામાં આવેલ વેતનદરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન-નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. આથી નિયત કરેલ મૂળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારિત આપવાનું ખાસ ભથ્થું તા.૦૧.૧૦.૨૦૨૦ થી તા.૩૧.૦૩.૨૦૨૧ સુધીના ૬ (છ) માસના સમય માટે **દૈનિક રૂા.૫૬.૨૦ પૈસા (અંકે રૂપિયા છપ્પન અને વીસ પૈસા પૂરા)** લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સતાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે. આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

શ્રમ નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાનાઃ

(૧) અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.

(૩) સર્વે મદદનીશ શ્રમ આયુકતશ્રી,

(૪) સર્વે સરકારી શ્રમ અધિકારીશ્રી,

(૫) કચેરીની સર્વે શાખાઓ, ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨, ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઇ.ટી. સેલ.

(૬) શાખાની સિલેકટ ફાઇલ/પરિપત્ર ફાઇલ

Scanned with CamScanner